આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **08-07-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

# ઓનલાઇન લર્નિંગ લાયસન્સ

હવેથી ઓનલાઇન લર્નિંગ લાયસન્સ મેળવવું સરળ બનશે. સરકારે ઓનલાઇન લર્નિંગ લાયસન્સ પરિક્ષા માટેનાં માપદંડમાં સુધારો કર્યો છે. વાહન વ્યવહાર કમિશનર કચેરીની યાદીમાં જણાવ્યા પ્રમાણે ઉમેદવારોએ હવે 15માંથી માત્ર નવ પ્રશ્નોનાં જ સાચા જવાબ આપવાનાં રહેશે. અગાઉ 11 સાચા જવાબ આપવા જરૂરી હતા.

આ અંગેનું જાહેરનામું બહાર પડ્યા બાદ સુધારેલા નિયમોની જાણ રાજ્યભરની માર્ગ પરિવહન કચેરીઓને કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી, 2023માં સેન્ટ્રલ મોટર વ્હિકલ્સ એક્ટમાં આ પ્રકારની માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. તેને પગલે ગુજરાત સરકારે નિયમોમાં સુધારા કર્યા છે.

**RNU** અમદાવાદ

---

## જખૌ-માદક દ્રવ્યોના પેકેટ મળ્યા

કચ્છની દરિયાઇ સીમા પાસેના જખૌ વિસ્તાર માંથી ગઇકાલે માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે.

સરહદ સુરક્ષા દળના જવાનો અને એનસીબીની સંયુક્ત ટુકડી દ્વારા માદક પદાર્થોના 9 પેકેટ ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન 10 કિલો માદક પદાર્થોનો જથ્થો પકડાયો છે. બીએસએફના જવાનોએ જખૌના અને ક્રીક વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરી છે. અત્યાર સુધીમાં 181 જેટલા માદક પદાર્થોના પેકેટ બીએસએફના જવાનો દ્વારા જખૌ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## જિ.પંચાયતની કારોબારી સમિતિની બેઠક

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે સમિતિ ખંડમાં મળી હતી. જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા સાથે માંડવી તાલુકાની શેરડી જૂથ ગ્રામ પંચાયતને સુપરસીડ કરવા બાબતે ભલામણ કરવામાં આવી હતી. કારોબારી સમિતિના ચેરમેન ઘેલાભાઈ દાનાભાઈ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ગત બેઠકની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવી હતી તથા અન્ય વિકાસના કામોની ચર્ચા કરવામાં આવી હતી.

**N.P. આરતી ભટ્ટ**

---

## યોગાસન તાલીમ શિબિર-અરજી

રાજ્ય સરકારના રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લામાં "જિલ્લા કક્ષા યોગસન તાલીમ શિબિર" યોજાશે.. દરેક જિલ્લામાંથી  કુલ ૩૦ યુવક- યુવતીઓની પસંદગી કરી, ૭ દિવસ માટે નિવાસી શિબિરનું આયોજન કરાશે.. જે સંદર્ભે આગામી 11 જુલાઇ સુધીમાં, જે તે જિલ્લાની જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ખાતે ફોર્મ જમાં કરવાનું રહેશે. 11 જુલાઇ પછી આવનાર ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

માહિતી ખાતુ

---

## જળસ્ત્રોત કાર્ય શિબિર કચ્છ યુનિ.

જિલ્લમાં જળ સંકટની સામે રક્ષણ આપતું કોઈ કુદરતી સ્ત્રોત હોય તો એ ભૂર્ગભ જળ પરંતુ આ ભૂર્ગભજળ સ્ત્રોતોનું વધારે પડતું ખેંચાણ થવાથી સંતુલન ખોરવાતા તેનો જથ્થો ઓછો થવાની સાથે ગુણવતામાં બગાડ થવાના પ્રશ્નો ઊભા થયા છે. કચ્છ જિલ્લો આવા પડકારોનો સામનો કરી રહ્યો છે સફળ કાર્યોમાં સ્થાનિક આગેવાનના અનુભવોને જિલ્લા-રાજયસ્તરે વ્યાપકરૂપે વિસ્તારવા માટે અડધા દિવસની કાર્યશાળાનું આયોજન કચ્છ યુનિવર્સિટી ખાતે કરાયું હતું. અબડાસા,

માંડવી, મુન્દ્રા, નખત્રાણા, અંજાર તેમજ અન્ય તાલુકાના આગેવાનો દ્વારા જળ સંરક્ષણ સંબંધિત કરવામાં આવેલી પહેલ પર તેમના અનુભવોના આદાન-પ્રદાન કર્યા હતા.

**N.P. આરતી ભટ્ટ**

--------------------------------------------------------------------

## ભુજ તાલુકા સ્વાગત કાર્યક્રમ

ભુજ તાલુકાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૪ મી જુલાઇના રોજ યોજાનાર છે. જે અન્વયે તા. ૨૦ મી જુલાઇ સુધીમાં નાગરિકોએ પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે લેખિતમાં અરજીના સ્વરૂપમાં પ્રશ્નો મામલતદાર અને એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ભુજ (ગ્રામ્ય) કચેરીએ રૂબરૂ અથવા ટપાલથી રજૂ કરવા મામલતદાર ભુજ – ગ્રામ્યની યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

--------------------------------------------------------------------

## વરસાદ

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. બે-ત્રણ દિવસના ભારે ઉકળાટ અને વરસાદી વાતાવરણ વચ્ચે આજે કચ્છ જિલ્લામાં ચાર તાલુકામાં વરસાદી ઝાપટાં પડ્યાં હતા. જેમાં બપોરે 12

થી 2 વાગ્યા દરમિયાન નખત્રાણ-21 મિલિમીટર, ભુજ 15 મીલીમીટર અને ભચાઉમાં 7 મીલીમીટર વરસાદ ભુજ કંટ્રોલરૂમ ખાતે નોંધાયો હતો.

આરતી ભટ્ટ

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી કનપર (અબડાસા)

કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પ્રેરણારૂપ બન્યા છે. પોતાની મહેનત, ધગશથી પ્રાકૃતિક ખેતી કરતા કિસાન વિવિધ પ્રકારની ખેતી કરીને ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન સાથે રાસાયણિક ખેતી કરતા વધુ નફો રળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પૈકી અબડાસાના કનકપરના દિનેશભાઇ રવજીભાઇ ડાયાનીનો સમાવેશ થાય છે. તેઓ મહેનતના પરીણામે પ્રાકૃતિક પધ્ધતિથી સરગવાની ખેતી કરવામાં સફળ થયા છે. તેઓએ ખૂબ જ સારા પરીણામ મેળવીને સરહદી તાલુકા અબડાસાના ખેડૂતો માટે શ્રેષ્ઠ માર્ગ ચીંધ્યો છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------